# "કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વ્યારા ખાતે કિસાન દિવસની ઉજવણી"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ–ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી–નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા તા. ૨૩/૧૨/૨૦૧૯ના રોજ કેન્દ્રના તાલીમ ખંડમાં 'કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં કુલ ૯૪ ખેડૂત ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં બોરખડી ગામની મહિલાઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ર્ડા.સી.ડી.પંડયા એ મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રો. એ. જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કિસાન દિવસના મહત્વ વિશે સમજાવ્યું તથા ખેડૂતોને ખેતી અંગે નવા અભિગમોથી અવગત રહેવા માહિતી આપવામાં આવી હતી. શ્રી હર્ષદભાઈ સી. ત્રિવેદી, ટેકનીકલ ઓફિસર, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, બાજીપુરા, ગુજરાત સરકાર, ગાંધીનગર તથા શ્રી દિપકભાઈ ડી. ચૌધરી, કેન્દ્ર સહાયક, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, બાજીપુરા દ્વારા સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. એ. જે. ઢોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

